# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૦૬.૨૮
સૂર્યાસ્ત : ૦૭.૦૧

## તાપમાન

મહત્તમ : ૩૯.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૩.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૪ ટકા ● સાંજે ૩૦ ટકા

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧ :** હાઉસ ફૂલ ૨ :૧૨.૩૦,૩.૩૦,૬.૩૦,૯.૩૦
**સ્ક્રીન-૨ :** હાઉસ ફૂલ ૨ :૧૦.૦૦,૧.૩૦, ૪.૩૦, ૭.૩૦,૧૦.૩૦
**સ્ક્રીન-૩ :** હાઉસ ફૂલ ૨ :૧૧.૧૫,૨.૩૦,૧૦.૩૦
એજન્ટ વિનોદ : ૫.૩૦
બ્લડ મની : ૮.૩૦
**સ્ક્રીન-૪ :** હાઉસ ફૂલ ૨ : ૧૦.૦૦, ૧૦.૩૦
બ્લડ મની : ૧૨.૧૫, ૫.૧૫
એજન્ટ વિનોદ : ૨.૧૫, ૭.૩૦

**સિને મેક્સ**

**સ્ક્રીન-૧ :** ટાઈટેનીક ૩-ડી(હિન્દી) :૮.૩૦, ૨.૦૦, ૫.૩૦, ૯. ૩૦
વર્થ ઓફ ધ ટાઈટન્સ- ૩ડી(હિન્દી) : ૧૨.૦૦
**સ્ક્રીન-૨ :** હાઉસ ફૂલ ૨: ૯.૧૫, ૧૨.૧૫, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦
**સ્ક્રીન-૩ :** હાઉસ ફૂલ ૨ : ૮.૧૫, ૧૧.૧૫, ૫.૪૫, ૯.૦૦
કહાની : ૨.૩૦
**સ્ક્રીન-૪ :** હાઉસ ફૂલ ૨ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૧૫, ૭.૩૦
કહાની : ૧૦.૩૦

**સૂર્યા, વાવોલ**

હાઉસ ફુલ ૨ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મમી સિંદબાદ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

## આપની આજ

- કિશોર ત્રિવેદી

**મેષ :** નોકરી - વેપાર ક્ષેત્રે સમય પ્રગતિદાયક બની રહે આવકના સ્ત્રોતમાં વધારો થઈ શકે છે. ભાગ્યોદયનો સાથ મળી રહે. વાહન ચલાવતાં સંભાળવું. એકંદરે સમય સાનુકૂળ.

**વૃષભ :** ઈષ્ટદેવની ઉપાસના ઈચ્છિત ફળ પ્રાપ્તિમાં સહાયક બની રહે. સામાજિક જવાબદારીમાં વધારો થઈ શકે છે. વિદેશ પ્રવાસની શકયતા.

**મિથુન :** આર્થિક સ્થિતિમાં સુધારો થઈ શકે છે. વાહન -જમીન- મકાનની ખરીદી થઈ શકે છે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે. સમય સાનુકૂળ.

**કર્ક :** સ્થાવર મિલકતના પ્રશ્નો હલ થતાં જણાય. સંતાન સંબંધી પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી.

**સિંહ :** દિવસ આનંદમયરીતે પસાર થઈ શકે છે. વિદેશથી શુભ સમાચાર મળી શકે છે. વેપાર- વાણિજ્ય ક્ષેત્રે નવા રોકાણ થઈ શકે છે. સમય મધ્યમ.

**કન્યા :** આર્થિક મુશ્કેલીઓ દૂર થઈ શકે છે. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી. સંતાન સંબંધી પ્રશ્નોના ઉકેલ આવી શકે છે. દિવસ શાંતિથી પસાર કરવો.

**તુલા :** અભ્યાસ- સ્પર્ધાત્મક બાબતોમાં સફળતા મળી શકે છે. નાણાકીય સ્થિતિ મજબૂત બનતી જણાય. આવક કરતાં ખર્ચ ન વધે તેનું ધ્યાન રાખવું. સમય શુભ.

**વૃશ્ચિક :** ભૌતિક સુખ- સુવિધામાં વધારો થઈ શકે છે. માનસિક ચિંતા હળવી બનતી જણાય. આરોગ્યની સુખાકારી જળવાઈ રહે. સ્નેહીજનો- મિત્રો સાથે મુલાકાત થઈ શકે. સમય શુભ.

**ધન :** વેપાર- વાણિજ્ય ક્ષેત્રે નવા રોકાણો થઈ શકે છે. ભાગ્યોદયની તક મળી શકે છે. વડીલોના આરોગ્યની ચિંતા હળવી બનતી જણાય. કુટુંબીજનો સાથે આનંદમયરીતે સમય પસાર થઈ શકે છે. સમય શુભ.

**મકર :** સામાજિક જવાબદારીમાં વધારો થઈ શકે છે. વેપાર ક્ષેત્રે ભાગીદારીમાં સંભાળવું. વડીલોનું માર્ગદર્શન કાર્યક્ષેત્રે ઉપયોગી સાબિત થઈ શકે છે.

**કુંભ :** આરોગ્યની કાળજી રાખવી. સામાજિક જવાબદારી હળવી બનતી જણાય. વડીલોનું માર્ગદર્શન નોકરી- વેપાર ક્ષેત્રે ઉપયોગી સાબિત થઈ શકે છે.

**મીન :** વાહન- જમીન- મકાનની ખરીદી થઈ શકે છે. નોકરી -વેપાર અર્થે થયેલો પ્રવાસ ફળદાયી નીવડી શકે છે. કૌટુંબીજનો સાથે યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકે છે. સમય શુભ.

## ચિરવિદાય

- સ્વ. કાન્તિજી રાજાજી ઠાકોર (ઉ.વ. ૬૫) મુ. જેઠીપુર, તા., જિ. ગાંધીનગર

# પડકાર કેરિયર એકેડેમીમાં ટાટની પરીક્ષાની તૈયારી માટે ઉમેદવારોની લાઈન

## આર્થિક રીતે નબળા ઉમેદવારોને લોક અધિકાર સંઘ આર્થિક મદદ કરશે


ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરમાં સેક્ટર-૨૨માં આવેલા શ્રીનાથ કોમ્પ્લેક્ષ, ૧૭-૨૨ બસ સ્ટેન્ડ પાસે, ઘ-૫ થી ચ-૫ રોડ તરફ ગાંધીનગર ખાતે પડકાર કેરિયર એકેડેમીનો પ્રારંભ થયો છે. જેમાં ૬ઠ્ઠી મે ના રોજ માધ્યમિક શાળાના શિક્ષકોની સ્પર્ધાત્મક પરીક્ષા-ટાટ લેવાવાની છે તેની શિક્ષકોની માગણીને ધ્યાનમાં રાખી તાલીમ અને માર્ગદર્શનના વર્ગો શરૂ કરવામાં આવ્યા છે.

સમગ્ર ગુજરાતમાં માધ્યમિક વિભાગમાં શિક્ષકોની ભરતી પ્રક્રિયાના પૂર્વાયોજન સંદર્ભે ગુજરાત સરકારે ટાટની પરીક્ષા ૬ઠ્ઠી મેના રોજ લેવાની જાહેરાત કરી છે. પ્રાઈવેટ શાળાઓમાં અભ્યાસ કરાવતા શિક્ષકો સરકારી નોકરી મેળવવાના વલખા મારી રહ્યા છે ત્યારે ટાટની પરીક્ષાની જાહેરાતથી દરેક લાયક ઉમેદવારોમાં જોમ અને જુસ્સો અને આશા બંધાણી છે કે, તનતોડ મહેનત કરીને, ટાટની પરીક્ષામાં મેરીટ બનાવવું.

ગાંધીનગર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારના બી.એડ.સ્નાતક, અનુસ્નાતક થયેલા ઉમેદવારો પરીક્ષાની તૈયારી માટે પ્રાઈવેટ ક્લાસીસ કરી રહ્યા છે. પરંતુ ઘણા એવા ઉમેદવારો છે.જે પ્રાઈવેટ ક્લાસીસની મોંઘી ફી ભરી શકે તેમ નથી તેના પ્રત્યુત્તર સામે ગાંધીનગરના સેક્ટર-૧૭-૨૨ રોડ પાસે શ્રીનાથ કોમ્પ્લેક્ષ, ઓફિસ નં. ૩૦૨ ખાતે આવેલી પડકાર કેરિયર એકેડેમીમાં ખૂબ જ ઓછી ફી સાથે શિક્ષકોને પરિણામલક્ષી મહેનત કરાવવાના આશયથી ૩જી એપ્રિલથી ટાટની સ્પર્ધાત્મક પરીક્ષાના તાલીમ વર્ગો શરૂ કરાયા છે. સૌ પ્રથમ માત્ર ૧૫૦૦ રૂ.ના મટીરીયલ્સ ચાર્જ સાથે કોઈપણ ઉમેદવાર વર્ગમાં પ્રવેશ મેળવીને પોતાની શિક્ષક તરીકેની કારકિર્દી ઘડી શકે છે. અન્ય ક્લાસીસમાં માત્ર પ્રથમ પેપરની જ તૈયારીઓ કરાવવામાં આવે છે જ્યારે પડકાર એકેડમીમા પેપર-૧ અને પેપર-૨ બંને વિષયના પેપરોની સઘન અને તજજ્ઞ અધ્યાપકો દ્વારા તાલીમ અપાઈ રહી છે.

ઉમેદવાર આર્થિક રીતે નબળો હશે તો તેની પાસેથી મટીરીયલન્સનો ચાર્જ લઈ અન્ય ફી લોક અધિકાર સંઘ સંસ્થાના દાતાઓ પાસેથી અપાવી તાલીમ અપાવવામાં આવશે. માત્ર આર્થિક રીતે નબળા ૨૫ ઉમેદવારો જ તેનો લાભ લઈ શકશે તેમ સંસ્થાના મેનેજીંગ ડિરેકટરે અખબારી યાદીમાં જણાવ્યું છે.



ગરમીનો માહોલ જામતો જાય છે અને એની આકરી અસરો મનુષ્ય ઉપરાંત પશુઓને પણ લાગી રહી છે. આ કારણે દિવસ દરમ્યાન રસ્તાઓ ઉપર ન તો વાહનોની અવરજવર દેખાય છે કે ન તો પશુઓની. વાહનોવાળાઓ ઘરમાં કે ઑફિસમાં લપાઈ જાય છે અને જેમની પાસે ઑફિસ નથી એવા લોકો આવી રીતે વૃક્ષના છાંયા તળે આશરો શોધી લે છે. તો પશુઓય પોતાનો રસ્તો શોધવામાં પાછા પડતા નથી. એ પણ કાં તો છાંયો શોધી લે છે અને કાં તો કોઈ ખાબોચિયું શોધી લે છે અને કુદરતી રીતે ગરમીથી બચે છે. (તસવીર : દિપક જાની)

# બાલવા ચોકડીથી બાલવા ગામના રોડનું કામ ખોરંભે : ગ્રામજનો નારાજ

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર જિલ્લાના બાલવા ગામના બાલવા ચોકડીથી ગામ તરફના રોડનું શરૂ થયેલું કામ છેલ્લા દોઢેક મહિનાથી ખોરંભે ચઢયું છે. કોન્ટ્રાકટર દ્વારા બંધ થયેલું આ રોડનું કામ ઝડપથી ચાલુ થાય તેવું સ્થાનિકજનો ઈચ્છી રહ્યા છે.

બાલવા ગામના અગ્રણી સુરેશભાઈ ત્રિવેદી એક અખબારી યાદીમાં જણાવે છે કે બાલવા ચોકડીથી બાલવા ગામનો રોડ ફેબ્રુઆરી ૧૪ તારીખથી ચાલુ કર્યા પછી બે મહિનામાં પુરો કરવાની બાંયધરી કોન્ટ્રાકટરે આપી હતી પરંતુ આ રોડનું કામ ગોકળગતિએ કરવામાં આવતું હતું. કોન્ટ્રાકટરે છેલ્લા એક મહિનાથી આ રોડ કામ બંધ રાખ્યું છે અને બીજી જગ્યાએ કામ ચાલુ કર્યું છે. કોન્ટ્રાકટરે બાલવા ગામની રોડની બંને સાઈડે ખાડા ખોદ્યા છે પરંતુ ત્યાં મેટલનું કામ કર્યું નથી તેથી પ્રાઈવેટ વાહનો અને રીક્ષા ચાલકોની અવરજવર વધુ હોવાથી અકસ્માતનો ભય રહે છે. રોડની બંને સાઈડે અમુક જગ્યાએ મેટલ ઉખડી જવાથી વાહનોને પંકચર પડવાનો ભય પણ છે. સીટી બસોની અવરજવર વધુ હોવાથી સીટી બસોને પણ પંકચર પડે છે અને મુસાફરો હેરાન પરેશાન થાય છે. આ અધુરા રહેલ રોડનું કામ સત્વરે કોન્ટ્રાકટર પુરું કરે તેવી ગ્રામજનોની માંગ ઉઠવા પામી છે.

# ચિલોડા મોટા ખાતે લેન્ડમાર્ક સ્કૂલનો વાર્ષિકોત્સવ દબદબાપૂર્વક ઉજવાયો

ચિલોડા, તા. ૮

ગાંધીનગર જિલ્લાના ચિલોડા ખાતે આવેલી ઓમ એજ્યુકેશન ટ્રસ્ટ અમદાવાદ દ્વારા સંચાલિત ઓમ લેન્ડમાર્ક સ્કૂલ, ગુજરાતી માધ્યમ અને ઓમ પી.ટી.સી. કોલેજના સંયુક્ત ઉપક્રમે ઓન એજ્યુકેશન કેમ્પસમાં વાર્ષિકોત્સવ ભવ્ય રીતે ઉજવાયો હતો. કાર્યક્રમનો શુભારંભ સંસ્થાના મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય તેમજ શાળાના બાળકોએ સુંદર રીતે ગણેશવંદના રજૂ કરી કર્યો હતો.

આ પ્રસંગે વાલીઓ તથા મહેમાનોનું ઉષ્માભર્યું સ્વાગત કરતાં અશોકભાઈ રાવલે જણાવ્યું હતું કે, સંસ્થાની ઉત્તમ સિદ્ધિઓની સુવાસ પ્રસરાવવામાં જાગૃત વાલીઓનો હરહંમેશ સાથ સહકાર મળ્યોછે. સંસ્થાની વૈવિધ્યલક્ષી પ્રગતિઓની



(તસવીર : નટુભાઈ પટેલ)

સિદ્ધિઓમાં બાળકોની સુષુપ્ત શક્તિઓ તથા શાળા-વાલીઓ બાળકોનું આગવું યોગદાન રહેલું છે. શાળાના નાના ભુલકાં દ્વારા રજુ થયેલા રોક ઓન ડાન્સ, બાળનૃત્ય, મેજીક ડાન્સ, દેશભક્તિ, રાષ્ટ્રીય પાત્રોની વેશભૂષા ફેસ્ટીવલ-વેસ્ટર્ન ડાન્સ, નાટક - તારા વિના શ્યામ એકલડું લાગે... રાસ વગેરે સાંસ્કૃતિક કૃતિઓએ અનેરૂ આકર્ષણ જમાવ્યું હતું. શાળાના પ્યુન ગેટ કીપર, ડ્રાઈવર વગેરે વર્ગ-૪ના કર્મચારીના હસ્તે તથા સંસ્થાના વડાઓના હસ્તે શાળા તથા રાજ્યકક્ષાએ રમતગમત ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિઓ પ્રાપ્ત કરનાર તેજસ્વી તારલાઓને મેડલ તથા રોકડ પુરસ્કારથી નવાજવામાં આવ્યા હતા. બીજા તબક્કામાં ભારતની ભાતીગળ સંસ્કૃતિને યાદગાર કૃતિમાં પ્રાચીન ગરબો અભિનય નૃત્ય, ડાન્સ, રાસ, લોકનૃત્યોની ઝલકોથી સૌ પ્રેક્ષકગણ મંત્રમુગ્ધ બની ગયું હતું. આ પ્રસંગે સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી ગિરીશભાઈ રાવલે પ્રવર્તનમાન શિક્ષણ પ્રવાહોની સમસ્યાઓમાં વિજાણુ માધ્યમોથી દૂર રહી ધાર્મિક શિક્ષણમાં વિશ્વસનીયતા અપનાવી બાળકોમાં મૂલ્યલક્ષી શિક્ષણ, સંસ્કારી ગુણોનું સિંચન થાય તેવા હેતુસર જાગૃત નાગરિકોએ હવે કટીબદ્ધ થવા અનુરોધ કર્યો હતો. ઓમ એજ્યુકેશન કેમ્પસમાં મોટી સંખ્યામાં વાલીગણ ઉચ્ચ શિક્ષણ તથા પોલીસ અધિકારી વર્ગ, વેપારી વર્ગ, શુભેચ્છકો ઉપસ્થિત રહી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

# માતા સમ મમતાભર્યાં તમે 'પિતા' છો પ્રેમાળ ભાવ મહી ભાડું સમા તે 'રમણિક' કહેવાય

**વ્હાલા પપ્પાને,**

**'જેનું મોં જોઇ સદા બાળક ઘેલાં થાય,**
**ગળે આવી વળગી પડે તે 'દાદા' કહેવાય.**
**માતા સમ મમતાભર્યા તમે 'પિતા' છો પ્રેમાળ,**
**ભાવ મહીં ભાડું સમા તે 'રમણિક' કહેવાય.**
**આપના પ્રસન્ન વદન થકી મળ્યો જીવન આનંદ**
**આપની નિર્મળ વાણી થકી મળ્યું ઉત્તમ જ્ઞાન**
**આપના વર્તન થકી મળી મહામુલી જીવનકળા**
**તેથી જ તો અમારા થકી, ગવાય આ કૃતજ્ઞતા.**

'પપ્પા' એટલે પ્રેમનો સાગર, ખીલતી મહોરતી બહુમુખી પ્રતિભા, અમારો મૂર્તિમંત આદર્શ, અમારી પ્રેરણામૂર્તિ અને અમારું જીવન ચાલકબળ, પિતાના ૮૪ મા જન્મદિને તેમને શુભેચ્છા પાઠવી આ પંક્તિઓ કહે છે હર્ષિદાબેન વ્યાસ. જીવનના ઝંઝાવાતોમાં ટકાવી રાખવા માટે સતત પ્રેરણા આપતા એવા પિતા શ્રી રમણિકભાઈ વ્યાસ વિશે વાત કરતા હર્ષિદાબેન સહજ જ ગળગળા થઈ જાય છે. આમ પણ પિતાની વાત આવે એટલે દિકરીઓ લાગણીશીલ બને જ. અન્ય વાલીની જેમ રમણિકભાઈએ દિકરી હર્ષિદાને ભણાવી ગણાવી પરણાવી, બધી જ જવાબદારી અદા કરી. પરંતુ લગ્નજીવનમાં આવેલા ઝંઝાવાતમાં બે નાના બાળકો સાથે દિકરીના મનોબળને ટકાવી રાખી તે ઝંઝાવાતમાંથી બહાર લાવનાર પિતાનું મનોબળ કેટલું મજબુત હશે તેની કલ્પના તો કરો...! દિકરી અને તેના બાળકોને માત્રસહારો આપી પિતા રમણિકભાઈ બેસી નથી રહ્યા. તેમણે દિકરીને પગભર બનવાની પ્રેરણા આપી સંજોગો સામે લડી લેવાની તાકાત આપી અને આજે વર્ષો બાદ હર્ષિદાબેન સફળ શિક્ષક છે અને બે યુવાન સફળ દિકરા-દીકરીની માતા.

**સંબંધ સજાવે જિંદગી**
**થેંક્યુ-પપ્પા**
- તબસ્સુમ પઠાણ
gsrelation@yahoo.com



હર્ષિદાબેન કહે છે કે પિતાનો સ્વભાવ એકદમ શાંત અને માયાળુ, પરગજુ સ્વભાવ. અજાણ્યાની મદદ કરવા પણ દોડી જાય. નાણાં વિભાગ, શિક્ષણ વિભાગ અને આરોગ્ય વિભાગમાં ઉચ્ચ હોદ્દા પર ફરજ બજાવ્યા બાદ નિવૃત્ત થનાર પિતા રમણિકભાઈની સેવાયાત્રા અહીં અટકી નથી. નિવૃત્તિ બાદ તેમણે પ્રભાસ પાટણમાં સોમનાથ મંદિરના જનરલ મેનેજરની પદવી પણ સંભાળી. વિવિધ ધાર્મિક સંસ્થાઓમાં સેવા આપ્યા બાદ હાલમાં તેઓ પંચદેવ મંદિરમાં પણ આવી જ માનદ્ સેવા આપી રહ્યા છે. સિનિયર સિટીઝન્સ અને બ્રહ્મસમાજ જેવી સંસ્થાઓમાં પણ તેઓ સક્રિય રીતે જોડાયેલા છે.

હર્ષિદાબેન કહે છે કે જીવનમાં આવેલી મુશ્કેલીઓ બાદ તેઓએ મને પગભર થવા સતત પ્રેરણા આપી. બી.એડ્ કરી હું માઉન્ટ કાર્મેલ સ્કૂલમાં જોડાઈ તે વખતે મારા બાળકો માધવી અને મેહુલ ખૂબ નાના. પરંતુ મમ્મી ચંપાબેન અને પિતાએ મને અને મારા બાળકોને સંભાળી લીધા. આજે ૨૫ વર્ષ બાદ હું એક સફળ શિક્ષક છું. જ્યારે દિકરો મેહુલ કલ્પતરૂ પાવરમાં ફરજ બજાવે છે. દિકરી માધવીના લગ્ન કેનેડા જઈ સારા મુરતીયા સાથે કરાવવામાં પણ પિતા સતત મારી પડખે રહ્યા. સતત હુંફ આપનાર 'મા'ના અવસાન કે દિકરીના વિદેશગમન પછી પણ પિતાના સાથથી અમને ક્યારેય ખાલીપો લાગ્યો નથી. મારા દિકરા મેહુલની તો એ ખૂબ પ્રેમપૂર્વક સંભાળ રાખે છે. ૮૪ વર્ષની વયે સવારે વહેલા ઉઠી, પૂજા-અર્ચના કરી સેક્ટર-૨૧ના અમારા ઘરેથી ચાલીને પંચદેવ મંદિરે જાય છે અને અહીં સતત સેવામાં વ્યસ્ત રહે છે. સ્વામી વિવેકાનંદના કથન 'ઉઠો જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો'નો પાઠ પોતે ભણ્યા અને અમને પણ ભણાવ્યો. અમે ત્રણેય ભાઈ-બહેનો પપ્પાથી અત્યંત પ્રભાવિત રહ્યા છીએ. ખાસ કરીને હું. મારા માટે તો પપ્પા એક સતત વહેતી જીવનધારા, શક્તિનો સ્ત્રોત અને ભીની લાગણીનો સુંવાળો સ્પર્શ છે. પપ્પા આપ, ખરા અર્થમાં 'બુઝુર્ગ જુવાન' છો.

આટલી વાત કહેતા તો હર્ષિદાબેન એકદમ લાગણીવશ થઈ જાય છે અને આંખે ઝળઝળીયા આવી જાય છે. અંતમાં એટલું જ કહે છે 'હેપ્પી બર્થ ડે પપ્પા' અને થેન્ક યુ પપ્પા..!

# ઈકયુડીસી દ્વારા આઈ.એસ.ઓ. ૯૦૦૧-૨૦૦૮ પ્રાપ્ત કરતું ડાયરેકટરેટ ઓફ એમ્પ્લોયમેન્ટ એન્ડ ટ્રેનિંગ સેન્ટર

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર ઈલેકટ્રોનિકસ એસ્ટેટમાં આવેલી સંસ્થા ઈકયુડીસી દ્વારા ગુજરાત રાજયની વડી કચેરી ડાયરેકટરેટ ઓફ એમ્પ્લોયમેન્ટ એન્ડ ટ્રેનિંગ સેન્ટર ગાંધીનગરને તથા એમના તાબા હેઠળની ૧૮ જિલ્લાની વડી કચેરીઓ ડીસ્ટ્રીકટ એમ્પ્લોયમેન્ટ એન્ડ ટ્રેનિંગ સેન્ટરની અમરેલી, જૂનાગઢ, પોરબંદર, ખેડા, ભાવનગર, રાજકોટ, સુરત, વડોદરા, પાટણ, આણંદ, પંચમહાલ, ભરૂચ, વલસાડ, કચ્છ, નવસારી, ગાંધીનગર, મહેસાણા અને અમદાવાદ ને આઈએસઓ ૯૦૦૧-૨૦૦૯ સર્ટીફીકેટ મેળવવા માટે કન્સલટન્સી સેવા અપાવવામાં આવી હતી. જેનાથી સદર કચેરીઓમાં રોજગાર અને તાલીમ મેળવવા ઈચ્છુક ઉમેદવારોને મદદરૂપ થવામાં, માર્ગદર્શન મેળવવામાં, મોટીવેશન મેળવવામાં, જોબ મેળવવામાં તેમજ રોજગારી આપતી ગવર્નમેન્ટ કચેરીઓમાં ઉપલબ્ધ થતી ખાલી પડતી જગ્યાઓની માહિતી અને માર્ગદર્શન પણ સુલભતાથી ઉપલબ્ધ થશે તેમજ પ્રાઈવેટ સેકટરો જેવા કે નાના મોટા ઔદ્યોગિક એકમોમાં તથા ઓફીસમાં ઉભી થતી રોજગારીની તકોમાં માહિતી સરળતાથી ઉપલબ્ધ થશે અને રોજગાર મેળવવા ઈચ્છુક બેરોજગાર યુવાનોને લાભાન્વીત થશે આમ આ આઈએસઓ સ્ટાન્ડર્ડ કચેરી બનવાથી મેનેજમેન્ટ સીસ્ટમમાં કોમર્શીયલ લુક જોવા મળશે અને સ્ટાન્ડર્ડ પણ જળવાશે. તદઉપરાંત ઈકયુડીસી દ્વારા નેશનલ લેવલે પણ નિર્દિષ્ટ ક્ષેત્રોમાં કામ કરવામાં આવે છે જેમ કે ક્વોલીટી એડવાઈઝરી, કેલીબ્રેશન, ટેસ્ટીંગ, થર્ડ પાર્ટી ઈન્સ્પેકશન, ટેકનિકલ કન્સલટન્સી વગેરે કામગીરી માટે અદ્યતન લેબોરેટરી તથા ઉચ્ચ કક્ષાનો ટેકનિકલ સ્ટાફ ટીમવર્ક સાથેનો પણ ધરાવે છે.

# ન્યૂ ગાંધીનગરની સહેલગાહે...

'ગાંધીનગર'ના નામે ઓળખાતું ગુજરાતનું પાટનગર ૧ થી ૩૦ સેકટરોમાં પથરાયેલું



છે. પણ હવે તેના સીમાડા નાના થતા લાગે છે એટલે ગાંધીનગર ચ-૦ થી કોબા સર્કલ સુધી ફેલાવા માંડ્યું છે. જાણે કે ચ-૦ થી જ તેનો દબદબો શરૂ થઈ જાય છે. બાજુમાં જ ઈન્ફોસીટી આઈટી હબ તથા વાણિજ્ય સંકુલ આવેલું છે. આ સંકુલમાં પ્રખ્યાત બ્રાન્ડના રીટેઈલ શોપ, ખાણીપીણી માટે ફાસ્ટફૂડથી માંડીને ગુજરાતી- પંજાબી થાળી તથા પીઝા માટે અનેક ફાસ્ટફૂડ સેન્ટર આવેલા છે. બાજુમાં જ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ફોર કો-ઓપરેટીવ મેનેજમેન્ટ, ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટિટ્યૂટ, એનઆઈડી તથા એનઆઈએફટી આવેલ છે. જેમાં દેશભરના વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. ઉપરાંત આ સંકુલમાં ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજ પણ આવેલ છે. શાહપુર ચોકડીથી કોબા સર્કલ સુધી વિશાળ કોન્ક્રીટ જંગલનો વ્યાપ્ત થયો છે. ૫૦ ઉપરાંત સોસાયટીઓમાં ૫૦૦૦ ઉપરાંત કુટુંબો વસવાટ કરે છે તે સિવાય સાબરમતી નદીના કિનારા સુધી ૨૫૦ ઉપરાંત સોસાયટીઓ આકાર પામી છે. સૌને મનોરંજન પૂરું પાડતું 'સીટી પલ્સ' થિયેટર હજુ અડીખમ ટકી રહ્યું છે. મુખ્ય માર્ગ પર એસએમવીએસ સંચાલિત વર્ષ ૨૦૦૦માં નિર્માણ પામેલ સ્વામિનારાયણ ધામ આશરે ૩૫ એકર જમીનમાં પથરાયેલ છે. જેમાં ગુરુકુળ, દિવ્ય પ્રદર્શન, સંત આશ્રમ, મહિલા ગુરુકુળ વિગેરે સક્રીય સંસ્થાઓ કાર્યરત છે. અહિ, સ્વામીનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કૂલ પણ આવેલી છે. સ્વામીનારાયણ ધામથી ૨ કિ.મી. દૂર ધોળેશ્વર મહાદેવનું અતિ પુરાણ પ્રસિધ્ધ શિવાલય આવેલું છે. જેનું મહર્ષિ વેદવ્યાસ કૃત ૧૮ પુરાણોમાંના પદ્મ પુરાણ ઉત્તરક્રિયા ખંડ અધ્યાય ૧૫૧ અને સ્કંધપુરાણ ધર્મારણ્ય ખંડમાં ઈન્દ્રેશ્વર મહાત્મય તરીકે વર્ણન થયેલ છે. જેને ગુજરાતના કાશી વિશ્વનાથની ઉપમા આપેલી છે. કહેવાય છે કે કાશી વિશ્વનાથના દર્શન ન કરી શકનાર ભગવાન ધોળેશ્વરના દર્શન કરી કાશીમાં ગંગાસ્નાનનું પુણ્ય મેળવે છે.

સીટી પલ્સના માર્ગે આગળ જતાં બોહરા ઈન્ટરનેશનલ સ્ટુડિયો આવેલ છે. આગળ જતાં માર્ગમાં બ્રહ્માકુમારીનું આધ્યામિક કેન્દ્ર પણ આવેલું છે. મુખ્ય માર્ગ પર ઈન્ડીયન ઈન્સ્ટીટ્યૂટ ઓફ મેનેજમેન્ટ આવેલ છે. સાબરમતી નદી તરફ આગળ વધતાં પંડિત દીનદયાલ પેટ્રોલિય યુનિવર્સિટી, નેશનલ ઈન્સ્ટીટ્યૂટ ઓફ ડીઝાસ્ટક મેનેજમેન્ટ, નેશનલ લો યુનિવર્સિટી, ઈન્સ્ટીટ્યૂટ ઓફ બોયોલોઝીકલ રીસર્ચ, સીસ્મોલોજીક ઈન્સ્ટીટ્યૂટ તથા રાહેજા આઈટી હબ આવેલ છે. શાહપુર ગામની સીમમાં ગુજરાત સરકારનું ડ્રીમ પ્રોજકટ ગીફટ સીટીનું બાંધકામ ગતિ પકડી રહ્યું છે. રોકેટ ગતિએ વિકાસ પામી રહેલ ન્યુ ગાંધીનગરમાં કેટલીક અસુવિધાઓ પણ ધ્યાન ખેંચે છે. ગટર વ્યવસ્થાના અભાવે સોસાયટીઓનું ગંદુ પાણી રોડને સમાંતર વન વિભાગની જમીન પર વહે છે. આંતરિક માર્ગો પર સર્વિસ રોડ તેમજ સ્ટ્રીટ લાઈટનો અભાવ છે. જેનું તાકીદે નિવારણ કરવું જરૂરી છે. જી.ઈ.બી.નું વાયરીંગ અન્ડર ગ્રાઉન્ડ ન



હોવાથી અવાર નવાર લાઈટો જતી રહેવાના પ્રશ્નો ઉપસ્થિત થાય છે. દુધ વિતરણ કેન્દ્રોની પણ ખામી વરતાય છે. વિશેષમાં સરકારી દવાખાના, સરકારી શાળા, પોસ્ટ ઓફિસ, બાગ બગીચાની સવલતો વધારવાથી આ વિસ્તારની રોનક ઓર વધી જાય તેમ છે. ધોળેશ્વર મહાદેવ તથા પેટ્રોલિયમ યુનિવર્સિટી સુધી સીટી બસની વ્યવસ્થા કરવામાં આવે તો લોકોની મુશ્કેલીઓ દુર થઈ શકે છે. સમગ્ર પણે જોતાં ન્યુ ગાંધીનગર એટલે કે ચ-૦ થી કોબા સર્કલ સુધીનો વિસ્તાર રમણિય બનતો જાય છે. રોશનીનો ઝગમગાટ અને વિશાલ રસ્તા રાત્રિના સમયે વોકીંગ કરવા માટે કપલોને મોકળું મેદાન આપે છે. રાત્રિનો નજારો જોવા જેવો હોય છે.

- ધુમિલ અમિત જોષી